**એક્સપોનું કર્ટન- રેઈઝર**

## ફેસ્ટિવલ હોમ- બાઈંગઃ ક્રેડાઈ - એમસીએચઆઈ "મહા પ્રોપર્ટી એક્સપો 2017" સાથે ઉજવણી કરો

## ક્રેડાઈ- એમસીએચઆઈ "મહા પ્રોપર્ટી એક્સપો 2017" મોસમના તહેવારના માહોલમાં ઉમેરો કરશે!

## ભારતનું રેરા પછી પ્રથમ અને સૌથી ભવ્ય પ્રદર્શન

રેરા લાગુ થયા પછી આજે 16 નવેમ્બરથી એમએમઆરડીએ ગ્રાઉન્ડ્સ, બીકેસી, મુંબઈમાં શરૂ થઈ રહેલા ચાર દિવસા ભારતના પ્રથમ અને ભવ્ય પ્રોપર્ટી એક્સપો ચૂકી જવાની ભૂલ નહીં કરશો, કારણ કે હાઉસિંગ ફાઈનાન્સના ભરપૂર વિકલ્પો સાથે શ્રેણીબદ્ધ પ્રોપર્ટીઓ સાથે અહીં તમારું સ્વાગત થશે. આ પ્રદર્શન ગ્રાહકો માટે અત્યંત આકર્ષક ટેગ્સ સાથેની મુંબઈની ઉત્તમ પ્રોપર્ટીઓ ઓફર કરશે.

રિયલ એસ્ટેટ ઉદ્યોગ દ્વારા છેલ્લાં થોડાં વર્ષમાં સંઘર્ષ પછી રાજ્ય સરકારે **ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ** (ઈઓડીબી)નો અમલ કર્યો હોવાથી આ ક્ષેત્ર માટે ફરી ઊજળા સંજોગો દેખાવા લાગ્યા છે અને ભારત વર્લ્ડ બેન્કના રેન્કિંગમાં 130 પરથી 100મા ક્રમે આવ્યો છે. **સન્માનનીય વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના** વિઝન અને **સન્માનનીય મુખ્ય મંત્રી શ્રી દેવેન્દ્ર ફડણવીસની** અનન્ય આગેવાનીમાં અને **મહાપાલિકાના કમિશનર આઈએએસ શ્રી અજોય મહતા** દ્વારા અસરકારક અમલબજાવણીને લઈ ભારતમાં રેન્કિંગમાં આ સુધારણા થઈ છે.

કેન્દ્ર સરકાર દ્વારા સીમાચિહનરૂપ પહેલો હાથ ધરવામાં આવી છે. રિયલ એસ્ટેટ ઉદ્યોગ પર રેરા અને જીએસટીએ મોટે પાયે પ્રભાવ પાડ્યો છે અને ઉદ્યોગે રેરા અને જીએસટી અભિમુખતા માટે તમામ પ્રયાસો કર્યા છે. આથી આ પ્રદર્શન મોટી તક બનીને ઊભી રહેશે, જેના થકી રિયલ એસ્ટેટ ઉદ્યોગ આમૂલ પરિવર્તન લાવતા ભારતીય અર્થવ્યવસ્થામાં પણ નોંધનીય યોગદાન આપશે. રેરામાં નોંધણી, ઈઓડીબીમાં દુર્લભ સિદ્ધિ, સરકાર દ્વારા એફોર્ડેબલ હાઉસિંગ પર અપાતો જોર અને ખરીદદારોમાં વધેલો વિશ્વાસ, તહેવારની વધેલી ખરીદી અને વ્યાજ દરોમાં હળવાશ જેવું સુચારુ વાતાવરણ અગાઉ ક્યારેય નહોતું.

15 વર્ષ પછી આ પ્રદર્શનની 27 આવૃત્તિએ **30 લાખથી** વધુ ખરીદદારોને ઘર આપ્યાં છે. આ 10,000 ચોરસમીટરમાં પથરાયેલી પ્રદર્શન જગ્યા આ વર્ષે પણ રેરા નોંધણીકૃત ચાવીરૂપ પ્રોજેક્ટો અને બધા પ્રકારના બજેટને અનુકૂળ પ્રોજેક્ટો ઘર ખરીદદારોને ઓફર કરશે. એફોર્ડેબલ હાઉસિંગ પર વિશેષ ભાર આપવામાં આવ્યો છે, જેમાં બજેટ ખરીદદારો પ્રદર્શનમાં ઘણી બધી મિલકતોમાંથી પસંદગી કરી શકશે. પ્રદર્શનનો જોશ હાઉસિંગ ફોર ઓલ પૂરું પાડવાના સન્માનનીય વડા પ્રધાનના વિઝન સાથે સુમેળ સાધે છે.

**પ્રદર્શનની રૂપરેખાઃ** એક લાખ સંભવિત ખરીદદારો, પ્રયોગાત્મક સ્ટોલ ડિઝાઈન, લકી ડ્રો તકો, 4 દિવસની ઉજવણી, 10 લાખથી 10 કરોડની મિલકતો, ડિજિટલ મિલકતની ખરીદી અને વેચાણ મંચ અને ખાસ ઓફરો.

**પ્રદર્શન રિયલ- એસ્ટેટ સહભાગઃ** એલએન્ડટી રિયાલ્ટી, ગોદરેજ પ્રોપર્ટીઝ, ઓમકાર, કલ્પતરૂ, રેડિયસ ડેવલપર્સ, શિવાલિક વેન્ચર્સ, કાણકિયા સ્પેસીસ, અજમેરા રિયાલ્ટી, મેરેથોન રિયાલ્ટી, રુસ્તમજી, એકતા વર્લ્ડ, વીણા ડેવલપર્સ, રોમેલ ગ્રુપ, મેફેર હાઉસિંગ, વાધવા ગ્રુપ અને ઘણા બધાનો સમાવેશ થાય છે.

**પ્રદર્શનકારી બેન્કો અને એચએફસી સહભાગઃ** સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, આઈસીઆઈસીઆઈ બેન્ક, એક્સિસ બેન્ક, યુકો બેન્ક, પીએનબી, સિન્ડિકેટ બેન્ક, એચએફસીમાં પીએનબી હાઉસિંગ, એલઆઈસી હાઉસિંગ, ઈન્ડિયા બુલ્સ, ટાટા કેપિટલ અને આદિત્ય બિરલા ફાઈનાન્સનો સમાવેશ થાય છે.

ઘર ખરીદદારો મર્યાદિત સમયગાળાની ઓફરો સાથે પ્રોપર્ટી પ્રદર્શનની મુલાકાત લઈને આ તહેવારની મોસમનો મહત્તમ લાભ ઉઠાવીને તેમનાં નાણાંની બચત કરી શકે છે.

ક્રેડાઈ-એમસીએચઆઈ પ્રોપર્ટી એક્સપોમાં બિઝનેટ- અલ્ટિમેટ બિઝનેસ અને નેટવર્કિંગ મંચના સ્વરૂપમાં વધુ એક વિશિષ્ટતાનો ઉમેરો કરાયો છે, જે બધા હિસ્સાધારકો- ખરીદદારો અને સંબંધિત ઉદ્યોગના ખેલાડીઓને પરિપૂર્ણ 360 ડિગ્રી અનુભવ કરાવશે. આ પ્રદર્શનનું આ અજોડ પરિમાણ છે, જેમાં સંબંધિત ઉદ્યોગના ખેલાડીઓ પ્રદર્શનના સંકુલોમાં નામાંકિત ડેવલપરો સાથે ખાસ રૂબરૂ પણ થઈ શકશે.

ક્રેડાઈ-એમસીએચઆઈ દ્વારા સ્ત્રી પાંખ દ્વારા તેની સીએસઆર પ્રવૃત્તિઓ સાથે અમુક નોંધનીય પહેલો હાથમાં લેવાઈ છે, જેમાં પાત્ર વિદ્યાર્થીઓને સ્કોલરશિપ અને બાંધકામ શ્રમિકોને આરોગ્ય સંભાળનો સમાવેશ થાય છે. ઉપરાંત મહિલા પાંખ દ્વારા એપોલો હોસ્પિટલ્સના સહયોગમાં પ્રદર્શન સ્થળે રક્તદાન શિબિરનું પણ આયોજન કરાયું છે.

**ક્રેડાઈ-એમસીએચઆઈના પ્રેસિડેન્ટ શ્રી મયુર શાહે** જણાવ્યું હતું કે આ 28મું મહા પ્રોપર્ટી પ્રદર્શન મહા રેરા પછી ઉદ્યોગમાં પ્રથમ પ્રદર્શન છે, જેમાં અમુક ઉત્તમ હોમ ફાઈનાન્સિંગ વિકલ્પો સાથે પસંદગી રેરા નોંધણીકૃત મિલકતોની વ્યાપક શ્રેણી સાથે ઘર ખરીદદારો માટે આકર્ષક પરિમાણ છે. આમ, પ્રદર્શનમાં મિલકત ખરીદી કરવા માગનારનો વધશે. અમને વિશ્વાસ છે કે અમારું મહા પ્રોપર્ટી એક્સપો ગ્રાહકોના સેન્ટિમેન્ટ્સને નવી ઊંચાઈએ લઈ જશે, જેને લીધે વર્તમાન તહેવારની સીઝન વધુ આનંદિત બનશે. ખરીદદારો એવું મહેસૂસ કરીને રહેશે કે, એમસીએચઆઈ હૈ તો ભરોસા હૈ.

**એક્ઝિબિશન કમિટીના ચેરમેન શ્રી તેજલ વ્યાસે** જણાવ્યું હતું કે મહા પ્રોપર્ટી એક્સપો બધા બજેટ અને રુચિને અનુકૂળ, એટલે કે, લક્ઝરીથી એફોર્ડેબલ, કમર્શિયલથી રેસિડેન્શિયલ સુધી એક છત હેઠળ રેરા નોંધણીકૃત હાઉસિંગ પ્રોજેક્ટો પ્રદર્શિત કરી રહ્યું છે, જેથી ઘર ખરીદદારો માટે એક છત હેઠળ ખરીદી બની રહેશે. અમે હંમેશાં પ્રદર્શનમાં મિલકત જોતા અને મુલાકાતીઓને અવિસ્મરણીય અનુભવ આપવા માટે પ્રયત્નશીલ રહીએ છી. હવે રિયલ એસ્ટેટ ઉદ્યોગ ગ્રાહકોની માગણી વધારવા માટે સુસજ્જ છે. ભારતીય કમર્શિયલ અને સોશિયલ ઈકોસિસ્ટમમાં તેણે નિશ્ચિત જ નવી ઊર્જા ફૂંકી છે. આગળ જતાં એફોર્ડેબલ હાઉસિંગ માટે બજેટ બાયરો માટે માગણી વધશે, કારણ કે સરકારે નોંધનીય રીતે ગતિ આપી

છે અને અમે ડેવલપરો સરકારના પ્રયાસમાં યોગદાન આપવા માટે સુસજ્જ છે, જેથી દરેક મુંબઈગરા પોતાનું ઘર વસાવી શકે.

ઘર ખરીદદારો માટે આ સિવાય પણ ઘણું બધું જોવા મળવાનું છે.

**એમસીએચઆઈ-ક્રેડાઈ વિશે**

ધ મહારાષ્ટ્ર ચેમ્બર ઓફ હાઉસિંગ ઈન્ડસ્ટ્રી (એમસીએચઆઈ- ક્રેડાઈ)ની રચના 1982માં કરવામાં આવી હતી. મુંબઈ અને એમએમઆરમાં રિયલ એસ્ટેટ ડેવલપરોમાં તે અત્યંત સન્માનિત સંસ્થા છે. એમસીએચઆઈ- ક્રેડાઈ રિયલ એસ્ટેટ ડેવલપમાં લેણદેણ કરતા સભ્યોને એકસમાન મંચ પર લાવે છે, જેથી ઉદ્યોગ દ્વારા સામનો કરાતા વિવિધ મુદ્દાઓને એકત્ર મળીને પહોંચી વળી શકાય. મુંબઈ અને પ્રદેશમાં 1800 અગ્રણી ડેવલપરોના મજબૂત સભ્યપદ સાથે એમસીએચઆઈ- ક્રેડાઈએ એમએમઆરમાં પણ તેનું વિસ્તરણ કર્યું છે. તેનાં થાણે, કલ્યાણ- ડોંબિવલી, મીરા- વિરાર સિટી, રાયગઢ, નવી મુંબઈમાં એકમો છે. એમસીએચઆઈ- ક્રેડાઈન સભ્યો મુંબઈ અને એમએમઆરમાં નિવાસી અને કમર્શિયલ મિલકતોના સંગઠિત વિકાસના 80 ટકા યોગદાન ધરાવે છે.

**For further details:**

RSVP
Bienu Vaghela: 9167141962
Bhagyashree Khedkar: 9833189357